# પારિવારિક જીવન, પાવન જીવન

## વાણી ડાલગ્રેન

વર્ષ ૧૯૭૮માં બાબાજી ભારત પાછા આવ્યા તેના થોડા સમય પહેલાં જ મને અને મારા પતિને બાબાજી પાસેથી શક્તિપાત દીક્ષા મળી હતી. બાબાજીના પ્રેમ અને તેમની કૃપાના અમારા અનુભવોથી અમે એટલાં દ્રવીભૂત થઈ ગયાં હતાં કે અમને બાબાજી સાથે વધારે સમય વિતાવવાની તીવ્ર ઇચ્છા થઈ. આખરે, વર્ષ ૧૯૭૮ની વસંતઋતુમાં, અમે ગુરુદેવ સિદ્ધપીઠમાં બાબાજી સાથે રહેવા માટે એક યાત્રાની યોજના બનાવી.

બોસ્ટનની નજીક અમારા ઘરેથી ભારતની યાત્રા ત્રીસ કલાકની હતી અને અમે વિચાર્યું કે અમારાં બે નાનાં બાળકો માટે આ યાત્રા ઘણી મુશ્કેલ રહેશે. તેથી અમે નક્કી કર્યું કે હું બે અઠવાડિયાં માટે આશ્રમ જઈશ, ત્યારે મારા પતિ બાળકોનું ધ્યાન રાખશે અને પછી જ્યારે હું ઘરે પાછી આવીશ તો મારા પતિ ભારત જશે.

હું મે મહિનામાં, બાબાજીના જન્મદિવસની પૂર્ણિમા પહેલાં જ ગુરુદેવ સિદ્ધપીઠ પહોંચી અને ઘણા આનંદથી ગુરુચોકમાં બાબાજીનાં દર્શન કરવા માટે ગઈ. મેં બાબાજીને કહ્યું કે હું અને મારા પતિ બાળકોને સંભાળવાની જવાબદારી વારાફરતી નિભાવી રહ્યાં છીએ અને તેથી હું ઘરે જઈશ પછી તેઓ અહીં આવશે.

બાબાજીએ તરત જ કહ્યું, ‘‘તારે તારાં બાળકોને લાવવાં જોઈતાં હતાં.’’ જ્યારે મેં આ સાંભળ્યું, તો એક ક્ષણ માટે મારું મન સ્તબ્ધ થઈ ગયું અને હું ફક્ત એટલું જ કહી શકી, ‘‘બીજીવાર આવીશ ત્યારે તેમને લાવીશ, બાબાજી.’’ બાબાજીએ જવાબ આપ્યો, ‘‘બીજીવાર આવીશ ત્યારે તો તેઓ ઘણાં મોટાં થઈ જશે’’ અને તેમણે ગુરુચોકમાં બેઠેલાં બધાં ખુશ અને તંદુરસ્ત બાળકો તરફ નિર્દેશ કર્યો.

હું ગુરુચોકમાં બેસી ગઈ અને બાબાજીએ જે કહ્યું હતું તેના પર મનન કરવા લાગી. મારા માટે એ વાત સ્પષ્ટ હતી કે બાબાજી ઇચ્છતા હતા કે આશ્રમમાં આખો પરિવાર એકસાથે રહે. હું વિચારવા લાગી કે હું મારાં બાળકોને ભારત કેવી રીતે લાવી શકું. એ સમયે ગણેશપુરીથી અમેરિકા ફોન કરવાનું કોઈ સાધન નહોતું, પણ આશ્રમની સામે એક ટેલિગ્રાફ ઑફિસ હતી જ્યાંથી અમેરિકા સંદેશ મોકલી શકાતો હતો. ઑફિસમાં જૂના જમાનાનું લીવરવાળું મશીન હતું, ઑપરેટર તેના પર ટક ટક કરીને મોર્સ કોડ દ્વારા સંદેશ મોકલતો હતો. ટેલિગ્રામને વિદેશ પહોંચવામાં ઘણા દિવસો લાગી જતા પરંતુ સમય પર સંદેશો મળી જશે એ આશા સાથે મેં મારા પતિને ટેલિગ્રામ કરી દીધો કે તેઓ બાળકોને લઈને આવે.

મને એ ટેલિગ્રામનો જવાબ ન મળ્યો, પણ મેં નક્કી કર્યું કે કંઈ પણ થાય, હું આશ્રમમાં મારા નિવાસકાળનો સદુપયોગ કરીશ અને મેં ઉત્સાહપૂર્વક આશ્રમ દિનચર્યાનું પાલન કરવાનું આરંભ કરી દીધું. હું દરરોજ સવારે

૩:૦૦ વાગ્યે ઊઠી જતી, ધ્યાન કરતી, બધાં કાર્યક્રમોમાં અને નામસંકીર્તનોમાં ભાગ લેતી અને ઘણા કલાકો સુધી સેવા અર્પિત કરતી. તે પરમાનંદમાં ડૂબકી લગાવવા જેવું હતું. અને તોપણ, ક્યારેક ક્યારેક હું બેચેન થઈ જતી કે બાબાજીના કહેવા છતાં આખો પરિવાર આ અનુભવમાં શામેલ નહોતો થઈ શક્યો.

પછી, મારા નિર્ધારિત પ્રસ્થાનના થોડા દિવસો પહેલાં એક દિવસ વહેલી સવારે, શ્રીગુરુગીતાનો પાઠ પૂરો થઈ રહ્યો હતો ત્યારે જ મારા પતિ અને બાળકોએ ગુરુચોકમાં પ્રવેશ કર્યો! મને મારી આંખો પર વિશ્વાસ જ નહોતો થતો! હું તેમને જોઈને આશ્ચર્યચકિત હતી અને ખૂબ જ ખુશ થઈ ગઈ. વાસ્તવમાં, તેમને મારો ટેલિગ્રામ મળી ગયો હતો અને તેમણે મને જવાબ પણ મોકલ્યો હતો, પણ તેમનો ટેલિગ્રામ પહોંચે તેની પહેલાં તો તેઓ જ આશ્રમ આવી ગયાં! હું મારા નિવાસકાળને વધારી શકી અને અમે બધાં ખૂબ જ ખુશ હતાં કે અમે એકસાથે આશ્રમમાં ઘણાં અઠવાડિયા સુધી રહી શક્યાં.

જ્યારથી મારો પરિવાર આવ્યો, ત્યારથી મારી દિનચર્યા બદલાઈ ગઈ; જોકે હું હજી પણ ધ્યાન કરતી હતી અને આશ્રમના કેટલાંક કાર્યક્રમોમાં ભાગ લેતી હતી, પણ સાથેસાથે હું દરરોજ મારાં બાળકો સાથે આનંદપૂર્ણ સમય પણ વિતાવતી હતી. તેમને આશ્રમમાં રહેવાનું, બાબાજી સાથે બેસવાનું, સંકીર્તનના મધુર ધ્વનિને સાંભળવાનું તેમજ બગીચામાં પ્રાણીઓ અને મૂર્તિઓ જોવાનું બહુ ગમતું હતું. પરિવારની દરેક વ્યક્તિ માટે, ગુરુદેવ સિદ્ધપીઠમાં બાબાજી સાથેનો એ સમય અમારી સૌથી અમૂલ્ય સ્મૃતિઓમાંની એક છે.

જ્યારે અમે ઘરે પાછા આવ્યાં ત્યારે પણ અમે બાબાજીની ઉપસ્થિતિનો અને તેમના સંરક્ષણનો સતત અનુભવ કરતાં હતાં. અમારું ઘર એક શક્તિપૂરિત, પાવન સ્થાન હોય એવું લાગતું હતું. લાગતું હતું કે અમારું ઘર સાધના કરવા માટે, અભ્યાસો કરવા માટે અને એકબીજાને પ્રેમ કરવા માટે તેમજ એ રીતે ભગવાન અને શ્રીગુરુની સમીપ રહેવા માટે એક આદર્શ સ્થાન છે. ગુરુદેવ સિદ્ધપીઠમાં એક પરિવાર રૂપે અમને સાથે લાવીને, બાબાજીએ અમારા પારિવારિક જીવનને પાવન જીવનમાં રૂપાંતરિત કરી દીધું હતું. કેટલા અદ્‌ભુત આશીર્વાદ!

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.